શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપુંક

વર્ષ : ૧૩
અંક : ૭

(ડો. બંગ દ્વારા એક ચીની કવિતાનો અનુવાદ)

**લોકો પાસે જાઓ**
**તેમની સાથે રહો.**
**તેમને ચાહો, તેમની પાસે શીખો**
**તેઓ શું જાણે છે ત્યાંથી શરૂ કરો**
**તેમની પાસે જે છે તેના પર ચણતર કરો.**

એક દિવસ ગામમાં અચાનક એક બનાવ બન્યો. થ્રેશર મશીન પર કામ કરતા અજાબરાવ ઈવનાતે નામના મજુરનો હાથ મશીનમાં આવી ગયો અને આખે–આખો ચગદાઈને છુંદો થઈ ગયો. અમને બોલાવતાં અમે દોડયાં. હોસ્પિટલમાં તેનો હાથ કાપવો જ પડયો. સારવાર પછી થોડા મહિનામાં તે સાજો તો થયો પણ એક હાથ વગર તે ભિખારી બન્યો. આરોગ્યના પ્રશ્નો ઉકેલવા એટલે માત્ર મલમપટ્ટા કરવા જ નહીં એવી અમારી સમજ હોવાથી અમે આ પ્રશ્નનો નિવેડો લાવવાનું વિચાર્યુ. અજાબરાવના માલિક ખેડુતે નુકસાન ભરપાઈ તરીકે અજાબરાવને ત્રણ વીઘા જમીન આપવી, એવો ઉપાય અમે સુચવ્યો. કાન્હાપુરના મોટા ભાગના ખેડૂતોને તે પસંદ ન પડયો. જો આવી પ્રથા પડશે તો દરેક ખેતમજુરને થતું નુકસાન ભરપાઈ કરી આપવું પડશે. છતાં આ મુદ્દો સમાજ સામે મુકવો જોઇએ એ ન્યાયે રાતે ગામમાં એક જાહેર સભા યોજી. સામાન્ય રીતે અમારી સભામાં સેંકડો લોકો આવતા પણ તે દિવસ ફકત ત્રણ જ માણસો ત્યાં હાજર રહયા. અમે માઇક પર બોલવા લાગ્યા ત્યારે ઘેર–ઘેરથી અમારા પર પથ્થરો ફેંકાયા. જયાં બે–ત્રણ વર્ષ લોકોને દવાઓ આપી, તેમની સારવાર કરી તે ગામમાંથી પથ્થર મારાની પ્રસાદી મળી.

એ ડિસેમ્બર મહિનો હતો. રાતના બાર વાગ્યા હતા. બહાર કડકડતી ઠંડી હતી. અમે પણ એ જ રીતે અંદરથી થીજી ગયાં હતાં. અમારાં તમામ સ્વપ્નોનો ભાંગીને ભુક્કો થયો હતો. આવી ભાંગીતુટી અવસ્થામાં મધરાતે રાણી અને હું કાન્હાપુરથી ઘરે પાછાં ફર્યા. માત્ર તબીબી સેવાથી કોઈ ગામના પ્રશ્નો ઉકેલી શકાય નહી એવો બોધપાઠ અમે શીખ્યાં.

*(સાભાર: "સેવાગ્રામથી શોધગ્રામ" ડો.બંગ)*

**હું એકલો છું એવું કદી વિચારશો નહીં, આકાશમાં સૂર્ય પણ એકલો જ છે ને.**



સંકલનઃ
મનસુખ વેકરીયા
ફીલ્ડ વર્કર,
ટીએસસી
તાલાળા

આજના સમયમાં ચિંતા, સુખ અને શાંતિ વગેરે પ્રશ્નોથી માણસ ઘેરાયેલા રહે છે. દરેક માણસના ચહેરા પર ટેન્સનની રેખાઓ ખેંચાયેલી જોવા મળે છે. માણસના ચહેરા પર હાસ્ય ખોવાય રહયું છે. પ્રકૃતિના ખોળે રહેલા પશુ–પક્ષીઓને જોતા જણાય છે કે તેમના ચહેરા પર ટેન્શન કે મુરજાયેલો ચહેરો જોવા મળતો નથી. તેઓ હંમેશા કિલ્લોલ કરતા નજરે ચડે છે. આપણે પણ પ્રકૃતિની સાથે રહીએ તો, ચિંતા સમસ્યા વગેરે પ્રશ્નોમાંથી બહાર નિકળી શકીએ.

સુખ અને શાંતિની પ્રાપ્તિ, પ્રશ્નો ઉકેલવાથી થતી હોય છે. પ્રશ્નો એ જીવનનું અવિભાજય અંગ છે. પ્રશ્નો વિનાનું જીવન હોઈ જ ન શકે. વૈયતિક, સામાજીક, આર્થિક, રાજકીય કે પછી ધાર્મિક જીવનના જેટલા ક્ષેત્રો હશે તે તમામે–તમામના પ્રશ્નો રહેવાના જ જેને પ્રશ્નો ઉકેલતા ન આવડે તેને જીવન જીવતા પણ ન આવડે. પ્રશ્નો ઉકેલવાનું નામ જ સાધના છે. પ્રશ્નોને પડતા મુકી ભાગી જનાર અને પછી કોઈ ભોયરામાં બેસીને નાક પકડનાર, નથી તો સાધક થઈ શકતો કે નથી યોગી થઈ શકતો.

સુખ, દુઃખ સમસ્યા જીવનમાં આવે અને જાય તેમની કોઈ ચિંતા ન કરવી જોઈએ. આત્મવિશ્વાસ, અટલ ઈરાદાઓ, ઉંચા વિચાર, હિંમત અને ખુબ ઉત્સાહથી જીવન જીવવું જોઈએ આપણા ચહેરા પર તરવરાટ હોવો જોઈએ. માંદલા, મુરઝાયેલા, નિસ્તેજ ચહેરાવાળા વ્યકિત કદી સફળ થઈ શકયા નથી આવા વ્યકિતઓ સામા માણસનું મનોબળ પણ તોડી નાખતા હોય છે. આજે જરૂર છે ટેન્સન મુકત સમાજ હમેશા હાસ્યની છોળો ઉડતી હોય તેવા તંદુરસ્ત વ્યકિતઓ અને સમાજની જરૂર છે.

**આરોગ્ય માટે પ્રાર્થના**

આપણે ટટાર ચાલતા થયા.
આપણે વિચાર કરતા થયા.
આપણે માણસ બન્યા.
નવ માસ માતાના પેટમાં રહયા.
પછી જગતમાં આવ્યાં.
અમારા મન પ્રસન્ન રાખ.
અમારી ઈન્દ્રિયો સાબુદ રાખ.
મરતા સુધી અમે કાને ભદ્ર સાંભળીએ.
આંખથી ભદ્ર જોઈએ.
કાંડાં– બાવડાં સાબુદ રાખીએ.
તું રાખે તેમ રહીએ.
અમે તને ભુલી ન જઈએ.

***પુસ્તકપ્રેમી સૌથી વધુ શ્રીમંત અને સુખી છે.***

## મુલાકાત

તા.૧૩ અને ૧૪ જુલાઈ ના રોજ સજજતા સંધના કો–ઓડીનેટર શ્રીનટુભાઈ મકવાણા, આગાખાન ફાઉન્ડેશના પ્રોગ્રામ મેનેજર ચંદ્રકાંતભાઈ તથા ધ લાઈવલીહુડ સ્કુલના સીનીયર ફેકલ્ટી નાબારૂન સેન ગુપ્તા એ સજજતાસંધ દ્વારા ચાલેલી પ્રક્રીયાઓ માટે શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રની અમરેલી તથા ખાંભામાં ચાલતી કામગીરીની મુલાકાતમાં ઓછા પિયતથી થતા ધઉં, સંસ્થાઓના એક્રેડીએશન તથા ખેડૂતો દ્વારા રચાયેલી એગ્રો પ્રોડયુસર કંપનીઓ વિગેરે કેસોમાં થયેલી શરૂઆત, ઈતિહાસ, હાલની પરિસ્થિતિ અને તેના પરિણામો સંબંધી ચર્ચા કરી હતી. તેઓ સંસ્થાના કાર્યકરો, ખેડૂતો અને અવિરત એગ્રો પ્રોડયુસર કંપનીના ડાયરેકટરશ્રીઓને મળ્યા હતા.

## વીએચએસસી મીંટીંગ

આઈઆઈએમ –અમદાવાદ ખાતે તા.૧/૭/૧૧ ના રોજ ફાઉન્ડેશન ફોર રિસર્ચ ઈન હેલ્થ સિસ્ટમ તથા સ્ટેટ એનજીઓ કો–ઓર્ડીનેટર અને સહભાગી સંસ્થાઓએ સાથે મળીને વીએચએસસી ફેઝ–૧ અને ફેઝ–૨ના તફાવતો અંગે ચર્ચા કરી હતી. ફેઝ–૨ના અમલીકરણ બાબતે કાર્યકરોની તાલીમ યોજી વીએચએસસી સ્તરે ક્ષમતાવર્ધન કાર્યક્રમો શરૂ કરવા અંગેની કાર્યરિતી નકકી કરવામાં આવી હતી.

## ઈકોસેનીટેશન ક્ષમતાવર્ધન કાર્યશાળા

સંસ્થાના સાથીઓ શ્રી રાકેશભાઈ સોંદરવા સુપરવાઈઝર – તાલાલા, શ્રી ભરતભાઈ રાઠોડ સુપરવાઈઝર – વેરાવળ, તથા શ્રી હરિભાઈ ચોહાણ ફીલ્ડ વર્કર – સુત્રાપાડા એ તા.૫ અને ૬ જુલાઈ ૨૦૧૧ના રોજ ભાવનગર મુકામે ઉત્થાન દ્વારા યોજાયેલ ઈકોસેનીટેશન તાલીમમાં ભાગ લીધો હતો. તેઓએ સેનીટેશનને લઈને જે ગ્રામ્ય સ્તરે સમસ્યાઓ છે તેને હળવી બનાવવા અંગે લોકો સાથે વાતચીત કરવા અને ઈકોસેનીટેશન સીસ્ટમ અપનાવવા સંબંધી સમજ બનાવી હતી. તેઓએ "પ્રવાહ" નેટવર્કની સંકલન સમિતિમાં પણ ભાગ લીધો હતો.

## પાક આધારીત વર્કશોપ

સુત્રાપાડા તાલુકાના ખેડૂતો કે જેઓ વેધરબેઈઝ ઈન્સ્યોરન્સ સાથે જોડાયેલ છે તેઓ તેમજ અન્ય પ્રગતિશીલ ખેડૂતો એસએસકેકે ની ટીમ અને સજજતા સંધના સંયુકત ઉપક્રમે સુત્રાપાડા તાલુકાના ભુવાટીંબી ગામે પાક આધારિત વર્કશોપ યોજાયો હતો. જેમાં સજજતાસંઘના કૃષિ તજજ્ઞ રવિન્દ્ર પંસારે, કૃષિ વૈજ્ઞાનિકો ડો. એ. ડી. રાઠોડ તથા શ્રી આર. ટી. રાઠોડ એ ઉપસ્થિત રહી ખેડૂતોને માર્ગદર્શન આપ્યુ હતુ. શ્રી અશોકભાઈ શેલાર તથા રાયસીંગ ડોડીયા એ આ વર્કશોપ ની વ્યવસ્થા તથા સંચાલનની કાર્યવાહી કરી હતી.

***વિચાર ગમે તેટલો સુંદર હોય પણ તે આચાર વિના નકામો છે.***

## ઘરેલું હિસા અધિનિયમ ૨૦૦૫

તા. ૧૯–૨૦ ઘરેલું હિંસાના મુદા પર નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ પબ્લીક કોઓપરેશન ચાઈલ્ડ ડેવલોપમેન્ટ, ઈન્દોર ખાતે યોજાયેલ તાલીમમાં સ્વૈચ્છિક સંસ્થાઓ કે જે સ્ત્રી હિંસા પર કામ કરે છે તો તે લોકોની આ ક્ષેત્રમાં વધુ જાણકારી હોય તો જે સ્ત્રીઓ પર થતી હિંસા સામે સ્ત્રીઓ ને રક્ષણ આપી શકે. શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રના વિજયાબેન કુકવાવ અને હરિરાજ ચેરીટેબલ ટ્રસ્ટના સોનલ કરકર એ આ તાલીમમાંથી નીચેની વિગતો સંકલિત કરી.

**રાષ્ટ્રિય મહિલા આયોગને વર્ષ ૨૦૧૦માં મળેલી ફરિયાદો**

| | | |
|---|---|---|
| ૧ | એસીડ હુમલો | ૩ |
| ૨ | ખુનનો પ્રયાસ | ૩ |
| ૩ | બળાત્કારનો પ્રયાસ | ૨૦૧ |
| ૪ | વ્યભિચાર | ૯૮ |
| ૫ | બાળકની કસ્ટડી | ૮ |
| ૬ | સાયબર અપરાધ | ૩ |
| ૭ | ત્યકતાવ્યસ્થા | ૬ |
| ૮ | છુટાછેડા | ૨ |
| ૯ | ઘરેલું હિંસા | ૨૯૫૫ |
| ૧૦ | દહેજ મૃત્યુ | ૫૦૯ |
| ૧૧ | દહેજ સતામણી | ૬૬૮ |
| ૧૨ | સ્ત્રી ભૃણહત્યા | ૩ |
| ૧૩ | કામના સ્થળે સતામણી | ૫૩૫ |
| ૧૪ | અપહરણ | ૧૨૪ |
| ૧૫ | જાળવણી | ૩૪ |
| ૧૬ | અન્ય | ૪૪૯૪ |
| ૧૭ | પીડા/ | ૩૪૭ |
| ૧૮ | પોલીસ દ્વારા ઉપેક્ષા | ૩૪૩૦ |
| ૧૯ | પોલીસ દ્વારા સતામણી | ૫૫૩ |
| ૨૦ | મિલક્ત | ૧૦૩૫ |
| ૨૧ | બળાત્કાર | ૫૮૫ |
| ૨૨ | જાતીય સતામણી કાર્યસ્થળ પર | ૧૦૪ |
| ૨૩ | **કુલ** | **૧૫૭૦૦** |

**વર્ષ ૨૦૧૦ ના રાજ્ય વાર આંકડાઓ**

| | | |
|---|---|---|
| ૧ | અંદમાન અને નિકોબારઈસલાંસ | ૪ |
| ૨ | આંધ્રપ્રદેશ | ૧૩૨ |
| ૩ | અરુણાચલ પ્રદેશ | ૩ |
| ૪ | આસામ | ૨૯ |
| ૫ | બીહાર | ૫૦૨ |
| ૬ | ચંદીગઢ | ૧૮ |
| ૭ | છત્તીસગઢ | ૯૬ |
| ૮ | દાદરા– નગરહવેલી | ૮ |
| ૯ | દમણ– દીવ | ૪ |
| ૧૦ | દિલ્હી | ૨૪૩૪ |
| ૧૧ | ગોવા | ૮ |
| ૧૨ | ગુજરાત | ૧૨૬ |
| ૧૩ | હરિયાણા | ૯૪૦ |
| ૧૪ | હિમાચલ પ્રદેશ | ૫૩ |
| ૧૫ | જમ્મુ કશ્મીર | ૩૧ |
| ૧૬ | ઝારખંડ | ૨૭૨ |
| ૧૭ | કર્ણાટક | ૭૨ |
| ૧૮ | કેરલા | ૩૬ |
| ૧૯ | મધ્યપ્રદેશ | ૭૭૭ |
| ૨૦ | મહારાષ્ટ્ર | ૪૩૨ |
| ૨૧ | મનીપુર | ૩ |
| ૨૨ | મેઘાલય | ૨ |
| ૨૩ | મીઝોરમ | ૨ |
| ૨૪ | નાગાલેન્ડ | ૩ |
| ૨૫ | ઓરીસા | ૬૧ |
| ૨૬ | પોંડીચેરી | ૭ |
| ૨૭ | પંજાબ | ૨૪૨ |
| ૨૮ | રાજસ્થાન | ૧૫૪૧ |
| ૨૯ | તમીલનાડુ | ૧૧૧ |
| ૩૦ | ત્રીપુરા | ૧ |
| ૩૧ | ઉત્તરપ્રદેશ | ૭૫૬ |
| ૩૨ | ઉત્તરપ્રદેશ (ઈસ્ટ) | ૧૪૪૬ |
| ૩૩ | ઉત્તરપ્રદેશ (વેસ્ટ) | ૫૦૧૮ |
| ૩૪ | ઉત્તરચલ | ૩૬૬ |
| ૩૫ | વેસ્ટબંગાલ | ૧૬૪ |
| ૩૬ | **કુલ** | **૧૫૭૦૦** |

**ફુલો સંસારની શોભા છે.**

## બરૂમાળ

ધરમપુર તાલુકાનુ બરૂમાળ ગામ કે જયાં ૧૪૨ હેકટર જંગલ વિસ્તાર છે જમાં ૧૯૯૯ થી સ્થાનિક રહેવાસીઓ જમીન ચોખ્ખી કરી ખેતીકરતા હતા. જેથી પાંખા થયેલા જંગલ ને ગાઢ બનાવવા વન વિભાગ સાથે સ્થાનિક રહેવાસીઓના ડાયલોગ થયા તે વખતે થોડા લોકોએ પોતે જંગલની જમીનમાં ખેતી કરતા હતા તે જંગલ માટે રક્ષિત બનાવવા છોડી અને ત્યાં પ્લાંટેશન થયા. લોકોમાં વન પ્રત્યે સમજ બનતા બધા લોકો ભેગા મળી બોડા ડુંગરોમાં વૃક્ષ ઉછેરના કાર્યમાં જોડાયા ગામના આગેવાનો દ્વારા તેમજ ગામનુ રચાયેલ સંગઠન શ્રી ગણેશ સહભાગી વનવ્યવસ્થા મંડળી દ્વારા સાગના વન તોડવા પર કે દાંતરડુ, કુલ્હાડી વગેરે પર પ્રતિબંધ મુકાયો, તેમાં પકડાય તો દંડ કરવો તેવા નિયમો આ મંડળીએ બનાવ્યા.



આ મંડળી ની ૨૦૦૨માં સહકારી ધારા હેઠળ નોંધણી થઈ. ત્યારબાદ વાંસની ઉપજ ૧૦૦ ટકા મંડળીને, સાગની ઉપજ ૫૦ ટકા વન વિભાગ અને ૫૦ ટકા મંડળીને મળતી થઈ, જેનાથી મંડળીની સધ્ધરતા વધી. વાંસના રમકડા બનાવવા માટે ૨૦ બહેનોને તાલીમ આપી પરંતુ આ પ્રકારની ઉત્પાદિત વસ્તુઓનું માર્કેટ ન મળતા બહેનો છુટા પડી ગયા. માર્કેટીંગ માટે કોઈ અનુભવી માણસ સામેલ થયો હોત તો રોજગારી ની તકો ઉભી થઈ શકી હોત તેમ માંદીયાભાઈ નવસુભાઈ પાડવીએ જણાવ્યું હતું.

**બાળકો એ આવતી કાલની ક્રાંતિ છે.**

## ચોમાસામાં આટલું કરો

૧) ચોમાસામાં પાણી ડહોળાં હોય છે. ડહોળા પાણી હોય તેમાં ફટકડી અથવા નિર્મળીનાં બીજ પાણીમાં નાખવાથી બધી માટી નીચે બેસી જાય છે અને પાણી કાચ જેવું નિર્મળ બને છે. ફટકડી કે નિર્મળી નાખવાથી પીવાના પાણીનો સ્વાદ લગીરેય બગડતો નથી. ગામડામાં કુવાના પાણી કે નદીનાં પાણી આ ઋતુમાં ડહોળાં હોય છે. બહુ ડહોળા પાણીને ઉપર પ્રમાણે ફટકડી વગેરે નાખીને સ્વચ્છ થયા પછી પણ ઉકાળીને પીવામાં લેવું જોઈએ.

૨)આ ઋતુમાં બધાએ પાણી ઉકાળી ઠંડું પાડીને તે જ ઉપયોગમાં લેવું જોઈએ.ઘણી વખત તો નળમાં પણ ડહોળું પાણી આવે છે. એટલે આ ઋતુમાં પાણી ઉકાળ્યા વિના ન પીવું જોઈએ. અર્ધોઅર્ધ પાણીબાળી નાખી તે જ પાણી પીવામાં લેવું જોઈએ.

૩) ભરૂચમાં નર્મદાનાં ડહોળાં પાણીમાં ફટકડી નાખીને પાણી સાફ કરવામાં આવે છે. કેટલાક નિર્મળી નામનાં સસલાંની લીંડી જેવા ફુલને પાણીમાં નાખે છે એટલે બધો કચરો બુંધે બેસી જાય છે.

૪) આપણા દેશમાં પાણી ભરવા માટે તાંબાંના વાસણો વપરાતાં અને આજે પણ વપરાય છે. દુર્ભાગ્યે આ સ્ટેનલેસ સ્ટીલના જમાનામાં તાંબાના વાસણો પાણીયારામાંથી દુર થયાં છે.અને સ્ટેનલેસ સ્ટીલની ગાગરો, દેગડા, કોઠીઓ, ઘરોમાં પેઠી છે. મનુષ્યસ્વભાવ જ એવો છે કે એકે કર્યુ તે બીજો કરવા તૈયાર થાય છે. પાણી ભરવા માટે આપણા દેશમાં સુવર્ણ, ચાંદી, તાંબું, કાંસુ અને સ્ફટિક જેવા મણિઓનાં પાત્રો વપરાતાં. માટીના વાસણો પણ વપરાંતા.

૫) ચોમાસામાં માખી ઘણી થાય છે. માખી ગમે ત્યાં બેસે છે. એટલે કોઈ પણ ખાવાની ચીજ ખુલ્લી ન રાખવી. ઢાંકીને રાખવી. માખી માટે ફલાઈ પેપર રાખવાં, એટલે માખી ત્યાં બેસીને ચોંટી જશે, સ્વચ્છતા હોય છે ત્યાં માખી બહુ નથી આવતી. કેરીના છોતરાં/ ગોટલાથી વધુ માખીઓ આવે છે, એટલે કે ખુલ્લું ન રાખવું જોઈએ કે ગમે ત્યાં ન ફેકવા જોઈએ.

૬) કોઈ પણ શાક કે ફળ ધોયા વિના ન વાપરવાં જોઈએ. આ ઋતુમાં શાક બહુ ન ખાવા જોઈએ. પરવર, કારેલા, ઘીલોડા, કંટોલા જેવા શાક ઉપયોગમાં લેવા. ભાજી ન ખાવી. ટમેટા, તુરીયા, વાલોર, પાપડી વગેરે વાયુકર, કફ/પ્રકોપક અને અગ્નિને મંદ કરનાર તેમજ મિષ્ટાનો તથા ફરસાણ ન લેવા. ખોરાકને ખુબ તાપ આપવાથી ખોરાકમાં રહેલું પાચનક્રિયાને સુધારનાર વિટામિન 'બી' નાશ પામે છે. આવા પદાર્થોથી વિદાહ (આથો, ફર્મેન્ટેશન) થઈ પિતનો સંચય થાય છે, જે આગામી ઋતુમાં અમ્લપિત અને તેનાં અંગભુત લક્ષણોના રૂપમાં પ્રગટ થાય છે.

***નાની બાબતોનો ખ્યાલ રાખો, નાની એવી તિરાડ ને લીધે મોટા બંધો પણ તુટી જાય છે***

## સ્વરોજગાર લક્ષી તાલીમ

તા. ૨૬/૦૭/૧૧ના રોજ જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી જુનાગઢ અને શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર અમરેલી દ્વારા એસ. જી. એસ. વાય યોજના અંર્તગત કોડીનાર તાલુકાના મીતિયાજ ગામે બી. પી. એલ ૦ થી ૧૬નો સ્કોર ધરાવતા કુટુંબોની મહિલા માટે બે મહિનાના સમય ગાળા માટે સ્વરોજગાર લક્ષી સીવણ કામનો તાલીમ વર્ગ શરૂ કરવામાં આવ્યો.



આ તાલીમ વર્ગમાં તાલુકા પંચાયત કચેરી કોડીનારના વિસ્તણ અધિકારીશ્રીના હસ્તે દિપ પ્રાગટય કરી તાલીમ વર્ગનો આરંભ કર્યો. આ કાર્યક્રમમાં શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રના જુનાગઢ જીલ્લામાં ચાલતા પ્રોજેકટના સુપર વાઈઝરશ્રી શ્રીરાકેશ સોંદરવા, ભરત રાઠોડ, રાયસીગ ડોડીયા તથા ફિલ્ડવર્કરશ્રી મનસુખ વેકરીયા, અંજના ધનેશા, પુરીબેન ઝાલા, હરિભાઈ ચૌહાણ તથા અરજણભાઈ સોલંકીએ ઉપસ્થિત રહી તાલીમનો હેતુ અને રોજગાર સબંધી બાબતો પર તાલીમાર્થી બહેનોને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું તેમજ આરોગય અને સ્વચ્છતા લક્ષી બાબતો પર આવરી લેવામાં આવી હતી. વર્ગના સંચાલક શ્રી મુકેશભાઈ દિક્ષિત તથા પ્રમોદ જોષીએ તાલીમ વર્ગની વ્યવસ્થા તેમજ તાલીમાર્થી બહેનોને થીયરી માટે ડ્રોઈગ બુક, પેન વિગેરે જરૂરી મટીરીયલ્સ આપવામાં આવ્યું.

***બુધ્ધિશાળી માણસને જેટલી તકો મળે છે તેથી વિશેષ તકો તો તે ઉભી કરે છે.***

**Well wisher of this month**

| | |
|---|---|
| 1705 | Manu Bhatnagar |
| 840 | Bhargav Paleja |
| 3900 | Sunnel m |
| 840 | Amita Hejmadi |
| 840 | Vishnu Varthanan |
| 840 | Dharmesh Shah |

**<u>પ્રિય વાચક મિત્રો,</u>**

ટપક માટે આપ, સહયોગ રાશિ મોકલી શકો છો. ટપકને મોકલવામાં આવનાર આ રકમ ચેક અથવા ડ્રાફ્ટ થી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનાં નામે મોકલવા વિનંતી છે.

આપની આસપાસ બનતા બનાવો કે જે બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો તેથી અન્ય લોકો તે વિશે માહીતગાર બનશે.

*– ટપક ટીમ*

**Angage on this month**

| | |
|---|---|
| 01 | Attend VHSC meeting at A'bd |
| 5-6 | ઈકોસેનીટેશન ક્ષમતાવર્ધક કાર્યશાળા ભાવનાગર |
| 12 | Farmer's meeting at sutrapada |
| 13-14 | Field visit at Khambha by Sajjatasangh |
| 16 | Sajjatasangh meeting at A'bd |
| 19-20 | DVA Workshop - Indor |
| 23-24 | Field Visit at Dharampur |
| 26 | PIMC Meeting, Khambha. |
| 26 | સ્વરોજગાર લક્ષી સીવણ તાલીમ વર્ગનો આરંભ, મીતીયાજ તા. કોડીનાર |
| 1-30 | અમરીલી જીલ્લાના ૧૨ ગામોમાં પંચાયતીરાજ પર અભ્યાસ |

**માહિતી અધિકાર હેલ્પલાઈન : ૯૯૨૪૦૮૫૦૦૦**

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. L2/41/G-AMI-91/2008**
**Valid Upto 31/12/2011**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

SskK

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**મારું અને તમારું આપણું બની જાય એનું નામ પ્રેમ.**